વિકલાંગોના કલ્યાણક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના પાર્ટ ટાઈમ વીઝીટીંગ મેડીકલ ઓફીસરોના માનદ વેતન રૂ.૫૦૦/- થી વધારીને રૂ.૧૫૦૦/- કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૩/૭૪૩૮૦૨/ન.બા.-૫/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૩૧/૭/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૨૮/૧૦/૨૦૧૩નો પત્ર ક્ર-સસુખા/યજન/ન.બા.-૧૩-૧૪/૨૫૫

**ઠરાવ :-**

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ મળી કુલ ૧૪૬ સંસ્થાઓમાં અંદાજીત ૧૨,૭૦૦ વિકલાંગ બાળકો શિક્ષણ, તાલિમ અને પુન: વસન મેળવે છે. આ તમામ સંસ્થાઓમાં અંતેવાસી પ્રવેશ પામે ત્યારે તરત જ તેઓની તબીબી તપાસ કરવાની જોગવાઈ છે. આ જોગવાઈ મુજબ દર અઠવાડીએ પાર્ટ ટાઈમ વીઝીટીંગ મેડીકલ ઓફીસર અંતેવાસીઓની શારીરિક તપાસ કરે છે. આવા પાર્ટ ટાઈમ વી.એમ.ઓ.ની ૬૭ જગ્યાઓ રૂ.૫૦૦/-ના ફીક્સ પગારમાં મંજૂર થયેલ છે.

૨/- હાલની મોંઘવારીને ધ્યાને લેતાં, આ માનદ વેતન ખૂબ જ ઓછું છે. તેથી આ માનદ વેતન રૂ.૫૦૦/- થી વધારીને રૂ.૧૫૦૦/- કરવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧) સામેના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજુ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩/- જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે વિકલાંગોના કલ્યાણક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના પાર્ટ ટાઈમ વીઝીટીંગ મેડીકલ ઓફીસરોના માનદ વેતન રૂ.૫૦૦/- થી વધારીને રૂ.૧૫૦૦/- કરવા અંગેની રૂ.૮.૦૪ લાખની નવી બાબતને આથી નીચેની શરતોએ સરકારશ્રીની મંજૂરી (અંદાજપત્ર પ્રકાશન – ૨૪-૧, પાના નંબર- ૧૬૧)આપવામાં આવે છે :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી કામગીરી આઉટસોર્સીંગ એજન્સી મારફતે કરાવવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના અન્વયે નિયત કરેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૧/૭/૨૦૧૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.મોદી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૮) સર્વે જિલ્લા હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૯) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૦) નાણા સલા.શ્રી,(સા.ન્યા. અને અ.વિભાગ,)બ્લોક નં.-૧૪,બીજો માળ,સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સેકશન અધિકારીશ્રી, બજેટ / શાખા, છ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૨) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર... વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૩) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.